# ૧૪૬મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં

## ભગવાન જગન્નાથજીના મોસાળાની તૈયારી : હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા, ૧૫ હાથી સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી ભગવાનનું મામેરું ભરાશે

અમદાવાદ, તા.૨

અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રાને લઈ પુરજોશમાં તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. રથયાત્રાને લઈને મોસાળવાસીઓ પણ હવે ભાવવિભોર બનીને ભગવાનના મોસાળ પધારવાની રાહ જોઈ રહ્યા છે. આ વર્ષે ૧૪૬મી રથયાત્રાના યજમાન ઘનશ્યામ પટેલ બન્યા છે. છેલ્લાં ૧૦ વર્ષથી તેઓ યજમાન બનવાની રાહ જોતા હતા. આ વર્ષે શાયોના ગ્રૂપના યજમાનનું ડ્રોમાં નામ ખૂલતાં પરિવારમાં આનંદનો માહોલ છે અને હવે શાનદાર મોસાળું કરવાની ભવ્ય તૈયારીઓ પૂર્ણતાના આરે છે. ભગવાનના વાઘા દર વર્ષે અલગ અલગ થીમ પર તૈયાર થાય છે. આ વર્ષે મરુન, પીળા રંગમાં હેન્ડવર્કથી વાઘામાં મોરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. મામેરું ભવ્ય શોભાયાત્રા સાથે નીકળશે. જેમાં ૧૫ હાથી આગળ રહેશે અને હેલિકોપ્ટર દ્વારા ફૂલ વર્ષા કરાશે. કનૈયા જશોદાની થીમ પર મામેરું તૈયાર કરાયું છે. શોભાયાત્રા માટે આ થીમ પર ડ્રેસકોડ રહેશે. જેના માટે ૪,૦૦૦ સાડી અને ૨,૦૦૦ ડ્રેસ તૈયાર કરાયા છે. ૭૦૦ ઝભ્ભા અને ૭૦૦ સાડી સાથે કનૈયા અને જશોદા તૈયાર થશે. આ વર્ષે કુલ નવ યજમાનનાં નામ વચ્ચે ભગવાન જગન્નાથજીના મોસાળા માટે ડ્રો થયો હતો. જેમાં શાયોના ગ્રૂપના ઘનશ્યામ પટેલ ડ્રો દ્વારા ચિઠ્ઠીમાં યજમાન તરીકે જાહેર થયા હતા. મામેરું કરવા માટે યજમાનો વર્ષોથી રાહ જોતા હોય છે. યજમાન બનવા માટે બુકિંગ પણ એડ્વાન્સ થતાં હોય છે. સરસપુર રણછોડરાય મંદિરના ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથની ૧૪૬ મી રથયાત્રામાં ભગવાનના મામેરા માટે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. મંદિરમાં ટ્રસ્ટીઓની હાજરીમાં એક નાની દીકરી દ્વારા તમામ યજમાનોનાં નામની ચિઠ્ઠીમાંથી એક ચિઠ્ઠી ઉપાડાવી અને ડ્રો કરવામાં આવ્યો હતો.ભગવાન જગન્નાથની ૧૪૬ મી રથયાત્રામાં ૭૨ વર્ષ પછી ભગવાન જગન્નાથ માટે નવા રથ બનાવવામાં આવ્યા છે. જેનું મુખ્ય કારણ ૨૧



કિલોમીટરની રથયાત્રા દરમિયાન પરત ફરતી વખતે યાત્રા માણેકચોકમાં ચાંલ્લા ઓળમાંથી નીકળે છે. જ્યાં ચાંલ્લા ઓળના ખૂણા અને સાંકડી ગલીના કારણે રથને વાળવામાં મુશ્કેલી પડતી હોવાના કારણે નવા રથ બનાવવામાં આવ્યા છે. નવા બનાવવામાં આવેલા રથ જગન્નાથ પુરીના રથ જેવા જ લાગે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ રથને જગન્નાથ પુરીના રથના કલર જેવા જ કલરથી રંગવામાં આવ્યા છે. આ વખતે રથનો આગળનો ભાગ થોડોક મોટો રાખવામાં આવ્યો છે. રથના આગળનો ભાગ એવી રીતે બનાવવામાં આવ્યો છે કે, લોકો નીચેથી સ્પષ્ટ રીતે ભગવાનનાં દર્શન કરી શકે. આ રથયાત્રાની પહિંદવિધિ મુખ્યપ્રધાન દ્વારા કરવામાં આવશે ત્યારે તેમને નીચા નમવામાં વધુ મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રથની બનાવટમાં રાખવામાં આવ્યું છે.

# ૨૦૨૪ સુધીમાં અમેરિકા જેવા હાઈવે બનાવવાનું લક્ષ્ય : ગડકરી

## ગુજરાતમાં બે લાખ કરોડની કિંમતના નવીન રસ્તાઓના કામો ચાલી રહ્યા છે જેનાથી વિકાસમાં વધુ ઝડપ આવશે

વડોદરા, તા.૨

સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં હોય તો દેશનો વિકાસ થશે નહીં પરંતુ હવે ભારત સરકારે ૨૦૨૪ સુધીમાં અમેરિકા જેવા રસ્તા થઈ જાય એ પ્રમાણેના હાઈવે બનાવવાના પ્રોજેક્ટ ઝડપભેર પૂર્ણ કરાશે.

વડોદરા દુમાડ પાસે ફલાય ઓવર અને અંડર પાસના ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય માર્ગ પરિવહન વિભાગના મંત્રી નીતિન ગડકરીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અમેરિકાના પ્રેસિડેન્ટ ઝોન એફ કેનેડીએ કહ્યું હતું કે રસ્તા સારા થયા છે તેને કારણે અમેરિકા સમૃદ્ધ થયું છે અગાઉ મહારાષ્ટ્ર સરકારમાં પણ મને કામ કરવાની તક મળી હતી ત્યારબાદ પ્રધાનમંત્રી જ્યારે અટલજી હતા ત્યારે મને ચર્ચા માટે બોલાવ્યો હતો તે સમયે ગ્રામ સડક યોજના નો અમલ કરવાનો પ્રોજેક્ટનું સૂચન કર્યું હતું અને આજે દેશભરમાં અનેક ગામડાઓ ને મુખ્ય રસ્તાથી જોડવામાં આવ્યા છે.

નિતીન ગડતરીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ સુધીમાં દેશના તમામ હાઈવે રસ્તા અમેરિકા જેવા થઈ જશે તેમણે ઉમેર્યું હતું કે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈને મળ્યો હતો ત્યારે તેમણે ગુજરાતમાં દ્વારકા ખાતે સિગ્નેચર બ્રિજ તૈયાર કરવાનું સૂચન કર્યું હતું તે પ્રમાણે રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે સિગ્નેચર બ્રિજ જન્માષ્ટમીના દિવસે તૈયાર થઈ જશે જેનું ઉદ્‌ઘાટન કરવા પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવશે તેમ તેમણે ખાતરી આપી છે.

તેમણે ગુજરાતમાં બે લાખ કરોડની કિંમતના નવીન રસ્તાઓના કામો ઝડપે ચાલી રહ્યા છે જેનાથી ગુજરાતના વિકાસમાં વધુ ઝડપ આવશે તેવી આશા વ્યક્ત કરી હતી તેમણે એમ પણ જણાવ્યું હતું કે, દેશમાં અકસ્માત થી દોઢ લાખ લોકોના મરણ થાય છે જેને કારણે ૩% જીડીપીને નુકસાન થાય છે ત્યારે હવે હાઈવે પર થતા અકસ્માતને અટકાવવા બ્લેક સ્પોટના નિવારણ માટે દરેક જિલ્લા કક્ષાએ અકસ્માત નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે જેના કારણે મૃત્યુદરમાં ૨૨% નો ઘટાડો થયો છે.

# ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૨૦ કરતા વધુ કર્મચારીઓને છુટા કરાયા

## ૨૦ - ૨૫ વર્ષ જુના કર્મચારીઓને કરાયા છુટા : નવા મેનેજમેન્ટ દ્વારા વર્ષોથી નોકરી કરતા કર્મચારીઓને છુટા કરાયા

અમદાવાદ, તા.૨

ગૂજરાતની ઓળખ અને ગૌરવ કહી શકાય એવી ગૂજરાત વિદ્યાપીઠ છેલ્લા કેટલાક વર્ષથી પોતાના અનેક નિર્ણયોને લઈને ચર્ચાના ચકડોળે ચડ્યા હતા. તેવામાં આવો જ એક આશ્ચર્યજનક નિર્ણય લેવાતા ફરી ચર્ચામાં આવી છે. આ વખતે ગુજરાત વિદ્યાપીઠમાંથી ૧૨૦ કરતાં વધુ કર્મચારીઓને છૂટા કરી દેવાયા છે.

આ એવા કર્મચારીઓ છે જેઓ સંસ્થા સાથે છેલ્લા ૨૦-૨૫ વર્ષથી જોડાયેલા છે. ત્યારે અચાનક તેઓને છૂટા કરી દેવાતા ભારે ચર્ચા જાગી છે. તો બીજી બાજુ વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ મીડિયાથી વાત કરવાથી ભાગી રહ્યાં છે. ત્યારે આવનારા દિવસોમાં આ મુદ્દો વધુ ગંભીર બને તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

પ્રાથમિક વિગત મુજબ ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૨૦ કરતાં વધુ કર્મચારીઓને અચાનક છૂટા કરવાનો નિર્ણય વહીવટતંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. જેમાં સાદરા, રાંધેજા અને અમદાવાદના કર્મચારીઓનો સમાવેશ થાય છે. તો આ કઠોર નિર્ણય વિદ્યાપીઠના નવા મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યો છે. વિદ્યાપીઠમાંથી કર્મચારીને છૂટા કરવાના નિર્ણયનો વિરોધ કરવા માટે તેઓ ટ્રસ્ટીઓની બેઠકમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા.

જેમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, હર્ષદ પટેલ, કુલનાયક, રજિસ્ટ્રર વચ્ચે બેઠક મળી હતી. જ્યારે સમગ્ર બાબતે ટ્રસ્ટી હર્ષદ પટેલ સાથે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું. જ્યારે વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ભરત જોશીએ ગોળગોળ જવાબો આપી વાતને ટાળવાનો પ્રયાસ કર્યો હતો. બીજી બાજુ છૂટા કરાયેલા કર્મચારીઓ જેઓ વર્ષોથી આ સંસ્થા સાથે જોડાયેલા હતા, હવે ઢળતી ઉંમરે બીજે ક્યાં નોકરી કરવા જશે તેવી અવઢવમાં મૂકાયા છે. ત્યારે આ બાબત આવનારા દિવસોમાં વધુ ગંભીર બને તેમ લાગી રહ્યું છે.

# ૭ થી ૧૧ જૂનમાં સૌરાષ્ટ્ર, દ. ગુજરાતમાં વરસાદની આગાહી

## અરબી સમુદ્રમાં સર્ક્યુલેશન બનવાની સંભાવના : દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રમાં ૫ તારીખે સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે : ચોમાસુ લક્ષદ્વીપ પહોંચી ચુક્યું

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં હવામાન વિભાગે વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન વિભાગે અરબી સમુદ્રમાં સર્ક્યુલેશન બનવાની સંભાવના હોવાનું પણ કહ્યું છે. દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રમાં ૫ તારીખે સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. આ સાથે ૭ જૂન આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન લો પ્રેશર બની શકે છે. જેને કારણે દક્ષિણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. જૂન મહિનાની ૭ થી ૧૧ વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ પૂર્વ અરબી સમુદ્રમાં ૫ તારીખે સાયક્લોનિક સર્ક્યુલેશન બનશે. ચોમાસુ લક્ષદ્વીપ પહોંચ્યું છે હવે આગામી સમયમાં મુંબઈ પહોંચશે ત્યાર બાદ ગુજરાતનું ચિત્ર સ્પષ્ટ થશે. ચક્રવાતને લીધે કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે. તે ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદ થઈ શકે છે. રાજ્યમાં ૮થી ૧૧ જૂન સુધીમાં વરસાદ થવાની શક્યતાઓ છે. તેમણે ચોમાસાને લઈને કહ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ૧૫થી ૧૭ જૂને ચોમાસુ બેસી શકે છે. જ્યારે ૨૨થી ૨૫ જૂને રાજ્યના અન્ય વિસ્તારોમાં ચોમાસુ બેસવાની શક્યતાઓ છે.

ગઈકાલે હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદ વરસે તેવી આગાહી છે. જોકે, આ દરમિયાન સામાન્ય વરસાદ વરસે તેવું અનુમાન છે.

# ખેત ઓજારો સહીત વિવિધ ઘટકોમાં સહાય મેળવવા ૫ જૂનથી ઓનલાઈન અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૨

રાજ્યના ખેડુતોને ખેતીવાડી ખાતાની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ તથા અદ્યતન કૃષિ વિષયક માહિતી ઘરઆંગણે સરળતાથી મળી રહે તે હેતુસર www.ikhedut.gujarat.gov.in પોર્ટલ કાર્યરત છે. ખેડુતોને પોર્ટલ પર ખેત ઓજારો-સાધનો, ટ્રેક્ટર,પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન) માલ વાહક વાહન, ફાર્મ મશીનરી બેંક અને હાઈ ટેક, હાઈ પ્રોડક્ટીવ ઈકવીપમેન્ટ હબ જેવા ઘટકો માટે મહત્તમ લાભ મળી રહે તે આશયથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે અરજીઓ મંગાવી છે. અરજી કરવા ઈચ્છુક ખેડૂતો તા. ૫ જૂન ૨૦૨૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાક થી આઈ ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકાશે તેમ ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવાયું હતું.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર, આ વર્ષે અરજીઓ મેળવવાની પ્રક્રિયામાં સુધારો કરી લક્ષ્યાંકની ૧૧૦% મર્યાદામાં અરજીઓ ઓનલાઈન થાય અને રાજ્યના તમામ ખેડુતોને આ ઘટકોમાં સહાય મેળવી શકે તે માટે વહેલા તે પહેલાના ધોરણે ઓનલાઈન અરજી કરી અરજીની નકલ પોતાની પાસે રાખવાની પૂર્વ મંજુરી મળ્યેથી અરજીની નકલ સાથે જરૂરી સાધનિક દસ્તાવેજ ખેડૂતમિત્રોએ સંબંધિત કચેરીને મોકલવાના રહેશે.

# ભાવનગરમાં વરસાદ અને વાવાઝોડા વચ્ચે દરિયા કિનારે વસતા લોકોને પણ સચેત કરવામાં આવ્યા

## ૧૬૦૦ કિ.મીનો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાં માછીમારીનો ઉદ્યોગ મોટાપાયે વિકસ્યો છે

ભાવનગર, તા.૨

ભાવનગરમાં માછીમારોને થોડા દિવસ દરિયો ખેડવા ન જવા તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે. દરિયામાં માછીમારી કરતા સાગરખેડૂઓને એલર્ટ કરવામાં આવ્યા છે. તાજેતરમાં ભાવનગર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાની સ્થિતિ છે. ત્યારે માછીમારોને ત્રણ દિવસ સુધી દરિયો ખેડવા ન જવાની સલાહ આપી છે. ત્યારે વાવાઝોડાની સ્થિતિને લઈને ઘોઘા સહિતના દરિયા કિનારે વસતા લોકોને પણ સચેત કરવામાં આવ્યા છે. મોટાભાગના માછીમારો તો પરત પણ આવી ચૂક્યા છે. દરિયામાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. જો કે, હજુ વાવાઝોડાની કોઈ અસર જોવા મળી નથી. ૧૬૦૦ કિ.મીનો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાં માછીમારીનો ઉદ્યોગ મોટાપાયે વિકસ્યો છે. સાગરખેડૂઓ તેમાંથી સારી એવી કમાણી કરી રહ્યા છે. ત્યારે વાત કરીએ ભાવનગરના ૧૫૨ કિ.મી.ના લાંબા દરિયાકાંઠાના વિસ્તારમાં ભાવનગર જિલ્લાના ભાવનગર, ઘોઘા, કુડા, કોળીયાક, હાથબ, ગોપનાથથી શરૂ કરી છેક મહુવા સુધી દરિયાકાંઠો પથરાયેલો છે. તેમજ દરિયાકાંઠે જ વિશ્વ વિખ્યાત અલંગ શિપબ્રેકિંગ યાર્ડ કાર્યરત છે. હાલ હવે જ્યારે ચોમાસા દરમિયાન દરિયામાં જવું ખૂબ જોખમી હોય છે. તેથી આ સમય દરમિયાન માછીમારી કરવા જતા માછીમારોને પરત બોલાવી લેવામાં આવે છે. આગામી ૧ જૂનથી માછીમારોની માછીમારી કરવાની સિઝન પૂર્ણ થઈ જતી હોય છે. આ સિઝન પૂર્ણ થતા ઘોઘા બંદર સહિત જિલ્લાના દરિયાકાંઠા પાસે આવેલા અનેક ગામોના માછીમારોને પરત બોલાવી લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે જૂન માસથી જુલાઈ માસ સુધી માછીમારોને દરિયો ખેડવા માટે મનાઈ કરવામાં આવતી હોય છે. તેથી હજુ પણ જો કોઈ માછીમારો દરિયામાં રહી ગયા હોય અને પરત ન આવ્યા હોય તેઓને વાયરલેસથી સંપર્ક કરી અને દરિયાકાંઠે પરત બોલાવી લેવામાં આવ્યા છે. જ્યારે ચોમાસાની ઋતુમાં ભારે પવન સાથે વરસાદ તૂટી પડતો હોય છે.

### વાવાઝોડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૦ જૂન આસપાસ વાવાઝોડું સક્રિય થશે. વાવઝોડું મૃગશીર્ષ નક્ષત્રમાં જોર પકડશે. બે વાવાઝોડા સક્રિય થવાનું કારણ છે હવાનું દબાણ. આવું પહેલી વખત બનશે અને વિશિષ્ટ સ્થિતિ જોવા મળશે. ગુજરાતમાં વાવઝોડાના કારણે ૭થી ૧૧ જૂન વચ્ચે વરસાદ આવવાની શક્યતા રહેશે. ૮થી ૧૦ જૂનમાં ભારે વરસાદ થવાની શકયતા છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના છે. ચક્રવાતનો માર્ગ ઓમાન તરફનો હોય અથવા સૌરાષ્ટ્ર તરફનો પણ હોઈ શકે છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ થતો હોય છે. ચક્રવાત બન્યા પછી ગુજરાત તરફનો માર્ગ હશે તો રોહિણી નક્ષત્ર ઉતરતા સારો વરસાદ થશે. ઓમાન તરફ જશે તો પશ્ચિમ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદ થવાની શક્યતા રહેશે.

### કારણ નહિ રહે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીસ્ટમ ગોઠવવા માટે સ્માર્ટ સિટી મિશન અન્વયે માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવી છે.

સીસીટીવીની મદદથી મ્યુનિ. હસ્કતકના કંટ્રોલ રૂમ તથા પોલીસ કંટ્રોલ રૂમમાંથી દરેક હિલચાલ પર નજર રાખી શકાય છે. આ સાથે ટ્રાફિકની અવર-જવર માપવા માટેના સેન્સર પણ મૂકવામાં આવ્યા છે. સ્થાયી સમિતીના ચેરમેન જશવંતભાઈ પટેલે જણાવ્યુ હતું કે, હાલની સુવિધાની મદદથી ટ્રાફિકનું મેનેજમેન્ટ ત્રણ મોડમાં થઈ શકે છે. પહેલો ફિક્સ મોડ હોય છે, જ્યાં સિગ્નલ ચાલુ-બંધ થવાનો સમય નિશ્ચિત હોય છે. બીજાને વ્હિકલ એક્ચ્યુલેટેડ મોડ કહેવામાં આવે છે, જેમાં ટ્રાફિકની ગીચતાના આધારે રેડ લાઈટ અને ગ્રીન લાઈટના સમયમાં વધ-ઘટ કરવામાં આવે છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પોલીસના સંયુક્ત પ્રયાસોથી હાલ એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સીસ્ટમ (છ્‌ઝ્રજી)નો ઉપયોગ શરૂ કરવામાં આવશે.

એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સીસ્ટમ અંતર્ગત મુખ્ય માર્ગ પરથી પસાર થનાર વાહનચાલકને મહત્તમ ગ્રીન સિગ્નલ મળે અને ક્યાંય રોકાવું ન પડે તેવા પ્રયાસ હાથ ધરાયા છે. ઉદાહરણ તરીકે કોઈ વાહનચાલકને સરગાસણ (ખ-૦)થી મહાત્મા મંદિર તરફ જવું છે. શરૂઆતમાં ખ-૦ સર્કલ પર રેડ સિગ્નલ પર રોકાવું પડ્યું હોય તો ત્યારબાદ છેક મહાત્મા મંદિર સુધી દરેક જંક્શન પર ગ્રીન સિગ્નલ જ મળે તેવા પ્રયાસ હાથ ધરાયા છે. આ ત્રીજા મોડમાં ટ્રાફિકની ગીચતાના આધારે રેડ અને ગ્રીન લાઈટના સમયમાં વધ-ઘટ ઉપરાંત આગળના ટ્રાફિક સિગ્નલ સુધી પહોંચે ત્યારે ત્યાં પણ ગ્રીન લાઈટ જ મળે તેવું આયોજન થઈ રહ્યું છે. પાછલા દસેક દિવસથી ક-રોડ પર આવેલા ક-૫, ક-૬ અને ક-૭ જંક્શન પર એડેપ્ટિવ ટ્રાફિક જંક્શન્સનો ટ્રાયલ રન શરૂ કરાયો છે. વાહનચાલકોના સમય અને ઈંધણના વપરાશમાં આ કવાયતથી કેટલો ઘટાડો આવે છે તે અંગેના પરિણામોનો અભ્યાસ થઈ રહ્યો છે. સીસ્ટમને વધુ અસરકારક બનાવવા માટે શું પગલાં લઈ શકાય તેની સમીક્ષા બાદ ગાંધીનગરના મુખ્ય માર્ગો પર આવેલા મહત્ત્વના ઉપ જંક્શન પર તેનો અમલ કરવામાં આવશે.

### ઈતિહાસ રચશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શીખીને આગળ વધ્યા છીએ. સોમનાથે કહ્યું કે નિષ્ફળતાનો અર્થ એ નથી કે આપણે આગળ વધવાનું બંધ કરી દઈએ. આ વખતે અમે ચોક્કસપણે ઈતિહાસ રચવાના છીએ. તે ભારતના લોકોને ગૌરવ અપાવવાનું એક મિશન છે. ચંદ્રયાનને શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. ઈસરોના જણાવ્યા અનુસાર ચંદ્રયાન-૩ને ચંદ્ર સુધી પહોંચવા માટે ત્રણ અલગ-અલગ ભાગો તૈયાર કરવામાં આવ્યા છે. ટેકનિકલ ભાષામાં તેને મોડ્યુલ કહે છે. ચંદ્રયાન-૩માં પણ ૩ મોડ્યુલ છે.

### મર્યાદા ન ભૂલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આક્રમણકારો તો ગયા પણ તેમની પહેલાંની સાંસ્કૃતિક વિવિધતાને સ્વીકારવાની સંસ્કૃતિ અહીં પાછી આવી નથી.

સંઘ પ્રમુખે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નામ લીધા વગર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે દેશની બહાર એવા દુશ્મનો છે જે ભારતને અપમાનિત કરે છે. રાહુલ હાલ અમેરિકામાં છે અને ભાજપ પર નિશાન સાધીને લોકતાંત્રિક મૂલ્યોને ઠેસ પહોંચાડવાનો તેમના પર આરોપ લગાવ્યો છે. ભારત એક એવો દેશ છે જે વિવિધતાઓનું આદર કરે છે. ભાગવતે કહ્યું કે સનાતત ધર્મ વિદેશી આક્રમણ પહેલા પણ વિવિધતાનું આદર કરતો ધર્મ રહ્યો છે. સ્પેનથી મોંગોલિયા સુધી ઈસ્લામિક આક્રમણનો ભોગ બન્યા. ભારતમાંથી વિદેશી આક્રમણકારો ગયા, તેમ છતાં આ દેશમાં ઈસ્લામ સંબંધિત તમામ ઈબાદતની પ્રક્રિયાઓ સુરક્ષિત છે.

### ઝઘડો થયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણયો લેવાયા, તે અંગેની માહિતી પ્રેસ કોન્ફરન્સ દ્વારા સાંજે ૫.૦૦ વાગે આપવામાં આવશે. કુસ્તીબાજો જાતીય સતામણીના આરોપો હેઠળ બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ કરી રહ્યા છે. આજે યોજાયેલી ખાપ પંચાયતોમાં હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ખાપ ચૌધરી તેમજ સંયુક્ત કિસાન મોર્ચાના સભ્યો પણ સામેલ થયા છે. સર્વ જાતીય સર્વ ખાપ પંચાયતમાં પહોંચેલા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે, આ તોપ તલવારોની નહીં, પરંતુ પ્રજા વચ્ચેની વૈચારિક લડાઈ છે. આમાં આપણી જીત થશે. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કુસ્તીબાજોનો મામલો પહોંચી ગયો છે, કારણ કે કાર્યવાહી ન કરાતા દેશની છબી ખરાબ થઈ રહી છે.

### વંદે ભારત ટ્રેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મડગાંવ રેલ્વે સ્ટેશન પર આયોજિત ઉદ્‌ઘાટન સમારોહમાં રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અન્ય મહાનુભાવો સાથે હાજર રહેશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન લગભગ ૧૦.૪૫ વાગ્યે વિડિયો લિંક દ્વારા ટ્રેનને લીલી ઝંડી બતાવશે અને તે લગભગ ૬.૩૦ વાગ્યે મુંબઈ પહોંચશે. તેમણે માહિતી આપી હતી કે, અન્ય વંદે ભારત એક્સપ્રેસના ૧૬ કોચથી વિપરીત, મુંબઈ-ગોવા રૂટ પર ચાલતી ટ્રેનમાં માત્ર આઠ કોચ હશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ટ્રેનનું સંચાલન શુક્રવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ ચાલશે. જોકે, હજુ સુધી નિયમિત સમયપત્રક જાહેર કરવામાં આવ્યું નથી. અત્યાર સુધી મુંબઈથી ત્રણ વંદે ભારત ટ્રેનો ચાલી રહી છે. જે ગાંધીનગર, શિરડી અને સોલાપુર માટે ચાલે છે. દેશની આર્થિક રાજધાનીમાંથી ચલાવવામાં આવનાર આ ચોથું વંદે ભારત હશે. હાલમાં ભારતમાં વંદે ભારત ટ્રેન્સની કુલ ૧૮ જોડી ચાલી રહી છે, જેમાં ગુવાહાટીથી ન્યૂ જલપાઈગુડી વચ્ચે દોડતી ટ્રેન તાજેતરમાં શરૂ થઈ છે.

### સંવેદનનું સ્ટેટસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આટલું સાંભળતાં જ સંપત્તિવાને પ્રયાણ કર્યું અને પહોંચ્યો મુલ્લા નસરુદ્દીનના ગામમાં..ગરીબીથી તંગ આવીને મહેણાં માર્યા કરતી બીબીના ત્રાસથી મુલ્લાં પોતાનું ગધેડું લઈ કાંઈક કમાવા માટે જઈ રહ્યો હતો. સુખની શોધમાં નીકળેલા શ્રીમંતે મુલ્લાને જ અજાણતાં મુલ્લાંના ઘરનો રસ્તો પૂછ્યો. મુલ્લાં કહે, ‘‘પણ તમારે નસરુદ્દીનનું કામ શું છે ?’’

ધનવાને પોતાની વ્યથાની કથા કરી પ્રલોભન – રૂપે થેલી બતાવી. ‘‘બસ , મારે સુખનો અનુભવ કરવો છે ‘‘ એટલું હજુ બોલે ત્યાં એવી આકસ્મિક ઘટના બની કે તે સ્તબ્ધ થઈ ગયો. મુલ્લા નસરુદ્દીને ઝપટ મારી શ્રીમંતની થેલી પડાવી લીધી અને દોડવા માંડ્યું. શ્રીમંત પણ પાછળ , દોડ્યો . ’’ મારી થેલી ! મારી થેલી ! મારી સોનામહોર મને આપી દે ! આપી દે ! ’’ આમ બોલતો જાય અને દોડતો જાય. તે શ્રીમંત હતો. કદી આવો પરિશ્રમ કરેલો નહીં. ચહેરા પર લોહી ધસી આવ્યું. આખું શરીર પરસેવામાં પલળી ગયું. થાકી ગયો છતાં દોડ્યે જતો હતો.મુલ્લાંએ આખા ગામને આંટો મારી જ્યાં ગધેડું ઊભું હતું ત્યાં સુધી આ શ્રીમંતને દોડાવ્યો , પછી ધીરેધીરે ગતિ મંદ કરી અને ઊભો રહી ગયો.

શ્રીમંત પાછળ આવ્યો કે તરત જ મુલ્લાંએ શાંતિથી થેલી તેને સુપરત કરી. શ્રીમંત કહે : ‘‘ હાશ ! મારી દોલત મળી ગઈ ! ’’ એ ખુશ થઈ ગયો, આનંદમાં આવી ગયો . આનંદનો અતિરેક શમી ગયા પછી અચાનક યાદ આવ્યું હોય તેમ તેણે મુલ્લા નસરુદ્દીનને કહ્યું , ‘‘અરે ! પણ તમે કોણ છો ? મને શા માટે હેરાન કર્યો ? કેમ આટલું બધું દોડાવ્યો ? તમારે થેલી ચોરી નહોતી જવી તો લઈને ભાગ્યા શા માટે ? ‘‘ મુલ્લા નસરુદ્દીન : તમને સુખનો અનુભવ થયો ને ? શ્રીમંત : હાપ ખરેખર મને ખુબ જ આનંદ થયો કે મારી સંપત્તિ મને પરત મળી ગઈપ પણ તમે કોણ ? પ્રશ્નોની ઝડી વરસી ગયા પછી મુલ્લા નસરુદ્દીને જવાબ આપ્યો , ‘‘મારું નામ છે મુલ્લાં નસરુદ્દીન !

- rrthakkar2@gmail.com

# એચડીએફસી બેંકે તેના ગ્રાહકો માટે ‘ગ્લોબલ ટ્રેડ એન્ડ ફોરેક્સ ટૉક્સ’નામની લર્નિંગ-કમ-એન્ગેજમેન્ટ પહેલ લૉન્ચ કરી

અમદાવાદ, તા.૨

એચડીએફસી બેંકના રીટેઈલ ટ્રેડ અને ફોરેક્સ ફંક્શને તેના ક્લાયેન્ટો માટે ‘ગ્લોબલ ટ્રેડ એન્ડ ફોરેક્સ ટૉક્સ’ (જીટીએફટી) નામની લર્નિંગ અને એન્ગેજમેન્ટ પહેલ લૉન્ચ કરી છે. એક કૉમન પ્લેટફૉર્મ પર જાણીતા બુદ્ધિજીવીઓને એકઠાં કરવા માટે આ પ્રોગ્રામની રચના કરવામાં આવી છે, જ્યાં તેઓ વૈશ્વિક વ્યાપાર અને વિદેશી હૂંડિયામણના ક્ષેત્રોને આવરી લેનારા વિવિધ વિષયો પર પોતાના જ્ઞાન અને કુશળતાને શૅર કરશે.જીટીએફટી જેના મારફતે વૈશ્વિક વ્યાપાર અને વિદેશી હૂંડિયામણ અંગેનીજાણકારી પૂરી પાડી શકાય અને તેના અંગેની સમજણને સરળ અને સમૃદ્ધ બનાવી શકાય તેવા માર્ગોને ઓળખી કાઢવા માટે વ્યાપક રેન્જના વર્ચ્યુઅલ તેમજ ફીઝિકલ કાર્યક્રમોનું આયોજન પણ કરશે.

જીટીએફટીના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વક્તાઓ તરીકે ભારત સરકારના ડિરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડ માનનીય શ્રી સંતોષકુમાર સારંગી (આઈએએસ), એચડીએફસી બેંકની રીટેઈલ બ્રાન્ચ બેંકિંગના ગ્રૂપ હેડ શ્રી અરવિંદ વોરા તથા એચડીએફસી બેંકના રીટેઈલ ટ્રેડ એન્ડ ફોરેક્સના બિઝનેસ હેડ શ્રી જતિન્દર ગુપ્તા ભારતની વિદેશ વ્યાપાર નીતિ ૨૦૨૩ (એફટીપી) પર ચર્ચા કરવા માટે ઉપસ્થિત રહ્યાં હતા.

આ સેશન એફટીપી ૨૦૨૩ કેવી રીતે ભારતની નિકાસને પ્રોત્સાહન આપવાનો રોડમેપ છે અને તે નિકાસના ઉદ્યોગમાં વૈશ્વિક અગ્રણી તરીકે ઉભરવામાં ભારતને કેવી રીતે મદદરૂપ થઈ શકે છે, તેના પર કેન્દ્રીત હતું.એફટીપીનો ઉદ્દેશ્ય તેની ટેકનોલોજી સંબંધિત ક્ષમતાઓનો લાભ ઉઠાવવાનો તથા ભારતના જમીની સ્તરે વ્યાપારી વિકાસને વેગવંતો બનાવી શકે તેવી સાનુકૂળ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનો છે.